# શહેરમાં આવાસ મેળવવાની ૪૭૧૬ અરજીઓ પડતર છે

## ૩૦૮ આવાસો ખાલી થયા છે અને ૧૪૧ આવાસોનો કબ્જો મેળવવાનો બાકી છે : આવાસ ખાલી ના થતાં ઈવીક્શન કોર્ટ કેસ કરાયા છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારી-અધિકારીઓને મળવા પાત્ર આવાસો માટેની ૪૭૧૬ અરજીઓ પડતર છે. તેમ પાટનગર યોજના પ્રભાગનો હવાલો ધરાવતા મુખ્યમંત્રીએ કોંગીના રઘુભાઈ દેસાઈના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે જેમ જેમ આવાસની ઉપલબ્ધતા મુજબ ફાળવણી કરવામાં આવે છે તેથી અરજીઓ પડતર છે. આ આવાસોની ફાળવણી આવાસ ઉપલબ્ધ થયે કરવામાં આવશે.

જે ફાળવણીની અરજીઓ પડતર છે તેમાં ''ક'' પ્રકાર માટે ૧૯, ''ખ'' પ્રકાર માટે ૧૩, ''ગ-૧'' માટે ૧૯, ''ઘ'' માટે ૧૪૨, ઘ-૧ માટે ૧૪૮, ''ચ'' પ્રકાર માટે ૧૩૩૮, ચ-૧ પ્રકાર માટે ૩૭૭, 'છ' ટાઈપ માટે ૮૬૪, ''જ'' પ્રકાર માટે ૧૩૯૭, જ-૨ પ્રકાર માટે ૩૭૯ અને જ-૧ માટે ૨૦ અરજીઓ પડતર છે.

ઝાલોદના ધારાસભ્ય ભાવેશભાઈ કટારાએ નિવૃત્ત અધિકારી કર્મચારીઓ દ્વારા આવાસ વધુ સમય રાખવાની અરજી સંદર્ભે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે રૂ. ૨૭,૭૦,૧૩૭ ની વસુલાત આ પેટે કરવામાં આવી છે અને રૂ. ૧૫,૨૪,૫૫૧ની વસુલાત બાકી છે. આ માટે નિયમોનુસાર નોટીસ આપવાની/ઈવીક્શન કોર્ટ કેસ કરવાની કાર્યવાહી હાલ ચાલુ હોવાં પણ મુખ્યમંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

દિયોદરના ધારાસભ્ય શીવાભાઈ ભૂરિયાએ નિવૃત્ત સરકારી કર્મચારીઓ દ્વારા આવાસો જે પરત સોંપવામાં આવ્યા નથી તે અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે 'ગ' પ્રકારના ૪, ગ-૧ ના ૨, 'ઘ' પ્રકારના ૧૧, ઘ-૧ પ્રકારના ૫, 'ચ' પ્રકારના ૪૦, ચ-૧ પ્રકારના ૧૪, 'છ' પ્રકારના ૧૭૩, 'જ' પ્રકારના ૫૦, જ-૨ પ્રકારના ૧૩ આવાસો નિવૃત્ત કર્મચારીઓ દ્વારા પરત કરવામાં આવ્યા નથી.

ઉક્ત આવાસો પૈકી ૧૩૧ સામે ઈવીક્શન કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. અન્યો સામે નિયમાનુસાર નોટીસ પાઠવી ઈવીક્શન કોર્ટમાં કેસ કરવાની કાર્યવાહી ચાલુ છે.

સોમનાથના વિમલભાઈ ચુડાસમાએ પુછેલા એક અન્ય લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ શહેરમાં જુદી જુદી કેટેગરીના ૩૦૮ મકાનો ખાલી થયા છે, જ્યારે ૧૪૧ આવાસોનો કબ્જો મેળવવાનો બાકી છે.



ચૈત્ર માસ નજીક આવી રહ્યો છે અને ગાંધીનગરમાં લીમડાંના વૃક્ષો પર તાજાં ફુલ જેને ''મોર'' કહેવાય છે તે જોવા મળી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચૈત્ર માસમાં લીમડાંના તાજા મોરનો રસ સવારે નરણાં કોઠે પીવાથી અનેક પ્રકારની બિમારીઓથી બચી શકાય છે અને શરીરની ઈમ્યુનિટીમાં વધારો થાય છે તેવું ''ડોશીમાંનું વૈદું'' કહે છે, અને આ બાબતને અનુલક્ષીને પાટનગરમાં તો કેટલાંક સેવાભાવી નાગરિકો દ્વારા લીમડાંના મોરના તાજા રસનું નિઃશુલ્ક વિતરણ કરવાની સેવા પણ પુરી પાડવામાં આવે છે.

# શહેરમાં જુલાઈ-૨૩માં ૨૪X૭ પાણી પુરવઠો આપવાનું આયોજન છે : મુખ્યમંત્રી

## ડો. સી.જે. ચાવડાના પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ કહ્યું ૨૩ જુલાઈએ આ અંગે વર્ક ઓર્ડર અપાયા છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં જુલાઈ-૨૦૨૩ સુધીમાં ૨૪ કલાક પેયજળનો પુરવઠો આપવાનું આયોજન હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં જણાવ્યુ છે.

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આ અંગે પુછેલા ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ મનપામાં ૨૪ કલાક પેયજળ આપવાની જાહેરાત સરકાર દ્વારા ૨૩-૮-૧૯ના રોજ કરવામાં આવી છે.

તેમણે કહ્યુ છે કે મંજૂર કરાયેલ પાણી પુરવઠા યોજનાના કામોના તા. ૨૩-૭-૨૦૨૦ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવ્યા છે. જેની કામગીરી હાલ અમલીકરણ હેઠળ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે જુલાઈ-૨૦૨૩ સુધીમાં કામગીરી પૂર્ણ કરી ગાંધીનગર મનપાને લગત વોર્ડમાં ૨૪ કલાક પાણી પુરવઠો પુરો પાડવાનું આયોજન છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૩ કેસ

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૩ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૬ દર્દીઓ રિકવર પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૬૨૧ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૯.૦૮ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૧,૭૫,૨૧૫ નાગરિકોનું રસીકરણ આજના દિવસમાં કરવામાં આવ્યું હતું.

બીજી તરફ રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૮૨ નાગરિકો એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૨૮૦ નાગરિકો સ્ટેબલ છે. બીજી તરફ ૧૨,૧૨,૬૨૧ નાગરિકો ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. આ ઉપરાંત ૧૦૯૪૨ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે, આજે રાજ્યમાં એક પણ નાગરિકનું મોત નથી થયું.

# કોરોના કાળમાં ઘ-૫ની ફુડકોર્ટના સ્ટોલ ધારકોનુ છ મહીનાનુ ભાડુ સરકારે માફ કર્યુ

## શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટમાં ૯૬ પૈકી ૧૧ સ્ટોલ હાલ પણ ખાલી : કોરોનાના લીધે ભાડુ માફ કરાયુ પરંતુ રૂટીન દિવસોમાં પણ નિયમિત ભાડુ ન ચુકવતા સ્ટોલ ધારકાને તંત્રની નોટીસ

ગાંધીનગર તા ૨૫

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટમાં અંદાજિત ૯૬ જેટલા સ્ટોલ છે. જયારે અગાઉ લાંબા સમયથી બિન ઉપયોગી સ્ટોલનુ તંત્ર દ્વારા રીનોવેશન પણ હાથ ધરવામાં આવ્યુ હતુ. છેલ્લા બે વર્ષથી કોરોના કાળમાં વેપાર ધંધા પ્રભાવિત છે. ત્યારે ફુડકોર્ટના વેપારીઓએ પણ ગત માર્ચ ૨૦૨૦ના સમયગાળા દરમિયાન વેપાર ધંધા ન હોવાથી આવા કપરા સંજોગામાં ફુડકોર્ટનુ ભાડુ માફ કરવા માટે સરકારને રજુઆત કરી હતી જેના અંતે સરકારે માર્ચ ૨૦૨૦ થી ઓગષ્ટ મહીના દરમિયાન અલબત્ત છ મહીનાનુ ભાડુ માફ કરવાનો નિર્ણય લીધો છે. તો બીજીતરફ ફુડકોર્ટના સ્ટોલ ધારકોએ હજુ સુધી આ સમયગાળા સિવાય અન્ય રૂટીન ભાડુ પણ તંત્રને ચુકવ્યુ નથી જેના લીધે તંત્રએ પણ નોટીસ આપી છે. જયારે આગામી દિવસોમાં ભાડુ નહીં ચુકવવામાં આવે તો તંત્ર કક્ષાએથી કડક કાર્યવાહી હાથ ધરાશે.

ઘ-૫ સ્થિત ફુડકોર્ટના રીનોવેશન પાછળ અગાઉ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો જયારે હાલ પણ ખાણીપીણી બજારના ફુટપાથના અંદાજિત ૧૧ જેટલા સ્ટોલ ખાલી છે. અલબત્ત આ સ્ટોલની ફાળવણી થઈ નથી અગર કેટલાક કિસ્સામાં કબજો લેવાયો નથી પરંતુ ફુટપાથ નિર્માણ અને રીનોવેશન પાછળ તોતિંગ ખર્ચ કરાયા બાદ ફુડકોર્ટના સ્ટોલ ધારકો નિયમિત ભાડુ પણ ચુકવતા ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. અગાઉ કોરોનાના કપરા કાળમાં લોકડાઉન સહીતના સંજોગોમાં ફુડકોર્ટના વેપારીઓને કોઈ આવક ન હોવાથી ફુડકોર્ટ એસસોસિએશન દ્વારા અમુક સમયગાળાનુ ભાડુ માફ કરવા માટે પણ માર્ગ મકાન વિભાગને દરખાસ્ત કરી હતી. હાલ ફુડકોર્ટમાં અંદાજિત ૮૪ જેટલા સ્ટોલ કાર્યરત છે. જયારે કોરોના કાળમાં માર્ચ ૨૦૨૦ થી ઓગષ્ટ દરમિયાનનુ ભાડુ માફ કરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ હતુ જેના અનુસંધાને વિભાગ કક્ષાએથી આ છ મહીનાના સમયગાળાનુ ભાડુ માફ કરવાનો નિર્ણય પણ લઈ લીધો છે. પરંતુ આ સિવાયના દિવસોનુ ભાડુ ચુકવવામાં પણ ફુડકોર્ટના સ્ટોલ ધરાવતા વેપારીઓએ નિરસતા દાખવી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ઘ-૫ સ્થિત ફુડકોર્ટના કુલ ૯૬ પૈકી ૧૧ સ્ટોલ હાલ પણ ખાલી છે. જો કે રીનોવેશનના અંતે પણ આ સ્ટોલ કાર્યરત ન થતા આ દુકાનો પણ ઉપયોગના અભાવે ખંડેર બનવા તરફ છે. આવા સંજોગોમાં જે સ્ટોલ કાર્યરત છે. જયારે હાલ કોવિડના અંતે ફુડકોર્ટમાં રોજ રાત્રિના સમયે રોનક જોવા મળે છે. ત્યારે વિભાગ કક્ષાએથી ભાડુ માફ કરવામાં આવ્યા બાદ પણ આ સિવાયના દિવસોનુ રૂટીન ભાડુ પણ હજુ સુધી સ્ટોલ ધારકોએ ચુકવ્યુ નથી. જેના લીધે તંત્ર દ્વારા ફુડકોર્ટના સ્ટોલ ધારકોને નોટીસ પણ ઈસ્યુ કરવામાં આવી છે.આગામી દિવસોમાં નિયમિત અને સમયસર ભાડુ નહીં ચુકવવામાં આવે તો તંત્ર દ્વારા વધુ કડક કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ફુડકોર્ટના વિસ્તારમાં ગટરો ઉભરાતા દુષિત પાણીનો ભરાવો થતો હતો જેના લીધે આ વિસ્તારમાં તંત્ર દ્વારા નવી લાઈન નાંખવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટરનો ખર્ચ તંત્રના માથે પડયો છે.

# નવા સેકટરોમાં પણ પાણીનો ફોર્સ ઘટયો : સ્થાનિકોમાં રોષ

## સે-૨ બી અને સે-૩ બી અને સી વિભાગમાં પાણી ફોર્સથી ન આવતા રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધ્યો છે. શહેરમાં નર્મદા તેમજ બોર આધારિત થતા પાણીના સપ્લાયના આધારે પ્રતિદિન અંદાજિત ૬૫ એમ એલ ડી જેટલો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનો તંત્ર દાવો કરે છે. પરંતુ સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. શહેરના જુના સેકટરોની સાથે નવા સેકટરોમાં પણ પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સે-૨ બી સહીત સે-૩ બી અને સી વિભાગમાં પણ પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનુ સ્થાનિકો જણાંવી રહ્યા છે.

ગાંધીનગરમાં આકરા બનતા ઉનાળે સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. શહેરના જુના સેકટરોમાં પણ છેલ્લા ચાર પાંચ દિવસથી પાણી પુરતા ફોર્સથી આવતુ ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે નવા સેકટરોમાં પણ પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. શહેરના સે-૨ બી અને સે-૩ બી અને સી વિભાગમાં પણ ઘણાં ઠેકાણે પાણી ફોર્સથી ન આવતા રોજ સવારે પાણીની પોકાર કાને અથડાય છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં આમ પણ પાણીનો વપરાશ વધી જાય છે. ત્યારે શહેરમાં પણ હાલની

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ચાર દિવસ બેંકો બંધ રહેતા કરોડોના આર્થિક વ્યવહાર ખોરવાશે

## શનિ રવિની રજા સહીત પડતર પ્રશ્નોના નિરાકરણ માટે બેંકોની હડતાળના લીધે માર્ચના અંતમાં જ ચાર દિવસ બેંકોની કાર્યવાહી ઠપ્પ થઇ જશે : કોન્ટ્રાકટરો તેમજ વેપારીઓને પણ પારવાર હાલાકી

ગાંધીનગર તા ૨૬

નાણાંકીય વર્ષના અંતમાં આગામી ચાર દિવસ બેંકો બંધ રહેવાની હોવાથી નગરમાં કરોડો રૂપિયાનો આર્થિક વ્યવહાર ઠપ્પ થઈ જશે. એકબાજુ માર્ચ એન્ડીંગના લીધે આર્થિક વ્યવહારો નિપટાવામાં વેપારીઓ સહીત કોન્ટ્રાકટરોને પણ નાંણાકીય વ્યવહારો પુરા કરવાના વાયદા વિશેષ હોય છે. જયારે આ દિવસોમાં જ બંકોમાં રજા અને પડતર પ્રશ્નોને અનુલક્ષી હડતાલ હોવાના લીધે નગરમાં આર્થિક વ્યવહારો ઠપ્પ થઈ જશે.હાલ વેપારીઓ સહીત અન્ય સંસ્થાઓ માટે પણ મોટો શિરદર્દ ઉભો થયો છે.

માર્ચ એન્ડીંગના સમયે આમ પણ આર્થિક વ્યવહારો વિશેષ

● અનુસંધાન પાન-૭ પર


## વડનગરા નાગર ઉઠમણું (ચક્ષુદાતા)



સખેદ જણાવવાનું કે અમારા પિતાશ્રી **શ્રી. જયેન્દ્રભાઇ (જનુભાઇ) વી. માંકડ.** (Rete. Chief Engineer - GWSSB)નું તા.૨૪-૦૩-૨૦૨૨નાં રોજ અવસાન થયેલ છે. **તેમનું ઉઠમણું તા. ૨૭-૦૩-૨૦૨૨નાં રોજ સાંજે ૪ : ૩૦ થી ૫ : ૩૦** નીચે દર્શાવેલ સ્થળે રાખેલ છે.

A-102, સત્વ, કિષ્ના ટાઉનશીપ સામે, કુણાલ ચાર રસ્તા પાસે, ગોત્રી, વડોદરા

સ્વ. પલ્લવી જયેન્દ્ર માંકડ

દેવલ દેવાંગ બુચ — જવલિત બુચ
જલશ્રી હાર્દિક હાથી — કહાન હાથી
જીન્ના ભાવિક ઝાલા — કુંજ ઝાલા


# શહેરના અગ્રણી નીશીત વ્યાસ પ્રદેશ કોંગ્રેસના ઉપ પ્રમુખપદે નિમાયા

## સર્વશ્રી સૂર્યસિંહ ડાભી, વિરેન્દ્રસિંહ વાઘેલા, નિમેષ શાહ અને બાબુજી ઠાકોર તથા જીતુ રાયકા પ્રદેશ મહામંત્રી તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પાંચ આગેવાનોને પ્રદેશના નવા સંગઠ્ઠન માળખામાં સ્થાન મળતાં જિલ્લા કોંગ્રેસના કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાયો છે.

પ્રદેશ માળખાની જાહેરાત સાથે સાથે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખની પણ નિયુક્તી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખપદે પંચાયતની કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકીની નિમણુંક કરવામાં આવી છે.

પ્રદેશ સંગઠ્ઠનમાં જિલ્લાના યુવા અગ્રણી નીશીથ વ્યાસની ઉપ પ્રમુખ પદે નિમણુંક કરી બઢતી આપવામાં આવી છે. નીશીથ



વ્યાસ પ્રદેશ સંગઠ્ઠનના સારા એવા જાણકાર છે તેમજ સારા સંગઠ્ઠક તરીકે પણ જાણીતા છે.

પ્રદેશ સંગઠ્ઠનમાં જિલ્લાના ચાર આગેવાનોને મહામંત્રી બનાવવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતના પૂર્વ ઉપ પ્રમુખ અને હાલ ભાવનગર લોકસભાના ઈન્ચાર્જ તરીકે નિયુક્તી પામેલા વિરેન્દ્રસિંહ વાઘેલાની, યુવા અગ્રણી નિમિષ શાહ, પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર તથા જિલ્લા સંગઠ્ઠનના પૂર્વ પ્રમુખ સૂર્યસિંહ ડાભી તથા જીતુ રાયકાને મહામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

પ્રદેશ સંગઠ્ઠનમાં જિલ્લાને જે રીતે મહત્વ આપવામાં આવ્યુ છે તેને લઈ કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

ગઈકાલે મોડી રાત્રે પ્રદેશ કોંગ્રેસના નવા માળખામાં ઉપપ્રમુખો અને મહામંત્રીઓની નિયુક્તી જાહેર કરવામાં આવી છે.

# રાજ્યમાં બે વર્ષમાં ૬૦૬ કરોડથી વધુ દારૂ-નશીલા દ્રવ્યો પકડાયા

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં દારૂબંધી છે, પણ ગુજરાતમાં એટલો દારૂ પીવાય અને પકડાય છે જેટલો દારૂની છૂટછે તે રાજ્યમાં પણ નથી હોતું. ગુજરાત વિધાનસભાના ચાલી રહેલા સત્રમાં કોંગ્રેસ દ્વારા વિદેશી-દેશી દારૂ અને અન્ય નશીલા દ્રવ્યો અંગે માહિતી માંગવામાં આવી હતી. જેમાં ચોંકાવનારી માહિતી મળી છે. બે વર્ષમાં ગુજરાતમાં એટલી માત્રામાં દારૂ પકડાયો છે કે તેને સાચવવા જગ્યા પણ ઓછી પડે. બે વર્ષમાં ૬૦૬ કરોડ ૪૧ લાખ ૮૪ હજાર ૮૪૭ રૂપિયાની કિંમતના વિદેશી-દેશી દારૂ, બિયર અને અન્ય નશીલા દ્રવ્યો પકડવામાં આવ્યા છે.

# પાંચ પૂર્વમંત્રીઓને ''ક''ટાઈપના બંગલા ફાળવવામાં આવ્યા છે

## નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ની ૬૮૧ જગ્યા ખાલી છે : ખનિજ ચોરીની દંડનીય રકમ રૂ. ૬૨૨.૩૧ લાખની વસુલી બાકી છે

● **માણસા શહેર અને ગ્રામ્ય માટે અલગ અલગ પો. સ્ટેશન**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે માણસા શહેર અને ગ્રામ્ય વિસ્તાર માટે અલગ અલગ પોલીસ સ્ટેશન બનાવવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે શહેર અને ગ્રામ્ય વિસ્તાર માટે અલગ-અલગ પોલીસ સ્ટેશન બનાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.





● **પૂર્વ મંત્રીઓને ''ક'' ટાઈપના બંગલા**

કપડવંજના ધારાસભ્ય કાળાભાઈ ડાભીએ ગાંધીનગર શહેરમાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પૂર્વ મંત્રીઓને ''ક'' ટાઈપના બંગલા ફાળવવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાટનગર યોજનાના મંત્રીએ જણાવ્યુ છે કે પાંચ પૂર્વ મંત્રીઓને ''ક'' ટાઈપના બંગલા ફાળવવામાં આવ્યા છે. ઉક્ત બંગલાઓની ફાળવણી આર્થિક ભાડાના દરથી કરવામાં આવી હોવાનું પણ મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

ઉક્ત મકાનોની ભાડાની બાકી રકમ ભરપાઈ થઈ ગઈ હોવાથી કોઈ પણ પ્રશ્નો ઉપસ્થિત થતા નથી તેમ પણ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

● **નાયબ સેક્શન અધિકારીની ખાલી જગ્યા**

ઊનાના ધારાસભ્ય પૂંજાભાઈ વંશે મુલ્કી સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ની ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે સચિવાલય નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ની ૬૮૧ ખાલી જગ્યાઓ હતી તે પૈકી ૭૫ જગ્યાઓ બઢતીથી અને ૧૪૧ જગ્યાઓ સીધી ભરતીથી તા. ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ભરવામાં આવી છે.

૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૬૦૫ જગ્યાઓ ખાલી છે. ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી ૨૮૨ જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે. મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે નાયબ સેક્શન અધિકારી સંવર્ગમાં સીધી ભરતી સંદર્ભે ૨૫૭ ઉમેદવારોની ભલામણ યાદી ગુજરાત જાહેર સેવા આયોગન દ્વારા મળેલ છે. જે ઉમેદવારોને નિમણુંક આપવા અંગેની આનુસંગિક પ્રક્રિયા હાલ ચાલુ છે. તેમજ બઢતીની લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બઢતીના ફાળાની ખાલી જગ્યાઓ વહીવટીય અનુકૂળતા અનુસાર ભરવામાં આવશે.

● **મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી**

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી અંગે કોંગીના શૈલેષભાઈ પરમારે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે પ્રથમ તબક્કામાં ૬.૫ કિ.મી.ના પ્રાયોરિટી રીચમાં (વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક) કાર્યરત છે તથા બાકી લંબાઈમાં આશરે ૮૨ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે. પ્રથમ તબક્કાની કામગીરી ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી અને મેટ્રોરેલ ૨૦૨૨ના વર્ષમાં જ શરૂ કરવાનું આયોજન છે.

કોંગીના જ ભરતજી ઠાકોરે મેટ્રોરેલ પ્રોજેક્ટમાં સહાય માટે કેન્દ્રને કરાયેલ રજુઆત અંગે પુછેલા એક અન્ય લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે હા આ બાબતે કેન્દ્ર સરકારને રજુઆત કરવામાં આવી છે અને તે અંગે કેન્દ્રએ સકારાત્મક પ્રતિભાવ આપેલ છે. તેમના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શેર મૂડી પેટે તથા પેશગી પેટે રૂ. ૨૦૧.૬૧ કરોડ ભારત સરકાર તરફથી રાજ્યને મળેલ છે.

● **ખનીજ ચોરીની દંડનીય રકમ**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીની દંડનીય રકમની વસુલાત અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં દંડનીય રકમ ૬૨૮.૩૭ લાખના લેણાની સામે રૂ. ૫.૬૬ લાખની વસુલી કરવામાં આવી છે. સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ છે કે જિલ્લામાં ૬૨૨.૭૧ લાખની વસુલી બાકી છે. ઉક્ત બાકી રકમની વસુલી માટે કસુરદારને નોટીસ પાઠવેલ છે. તથા નિયમોનુસાર જમીન મહેસુલ રાહે વસુલાત કરવા આર.આર.સી. ઈસ્યુ કરવામાં આવેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

**પોલીસ અધિકારી-કર્મચારી પર હુમલા**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર શહેર-જિલ્લામાં પોલીસ અધિકારી કર્મચારી પર હુમલાના બનાવ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર શહેરમાં ૪ અને જિલ્લામાં ૬ એમ કુલ ૧૦ બનાવો ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ બન્યા છે અને ૨૦૨૧માં શહેરમાં બે અને જિલ્લામાં ૧ બનાવ નોંધાયેલ છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — ASTRAL PIPES — PRINCE PIPING SYSTEMS — Jaquar experience bathing — DR. FIXIT — Birla White THE WHITEST WHITE CEMENT — ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેકટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેકટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેકટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com